# હાય ગરમી : માર્કેટમાં ફળો પણ બફાયા

## વધુ પડતી ગરમીના કારણે ફળ ફળાદિ તાપમાં સેકાયા : ગરમીમાં બફાઈ ગયેલા આ ફળો સ્વાસ્થ્ય માટે નુકસાનકારક

ગાંધીનગર, તા. ૧૯

શહેરમાં કાળઝાળ ગરમી પડી રહી છે તેવામાં શહેરીજનો આ ગરમીમાં બફાઈ રહ્યા છે. તેવામાં માર્કેટમાં મળતી ખાદ્ય ચીજવસ્તુઓ જેવી કે શાકભાજી અને ફળ ફળાદિ પણ કાળઝાળ ગરમીમાં બફાઈ જાય છે. માર્કેટમાં મળતા ફળ ફળાદિ ઉનાળાની આ મોસમમાં ફિક્કા પડી ગયેલા જોવા મળી રહ્યા છે. શિયાળાની ઋતુમાં જેમ ફ્રેશ તાજા ફળો જોવા મળે છે તેમ અત્યારે ફ્રેશ તાજા ફળો મળી રહ્યા નથી. આ ગરમીમાં સેંકાઈ ગયેલા ફળોનો ઉપરથી દેખાવ સારો લાગે છે પરંતુ તેના સ્વાદ ચાખતા જ માલૂમ પડે છે કે આ ફળો ગરમીમાં બગડી ગયેલા છે. આવા ફળો ખાવાથી શરીરને વિટામિન મળતા નથી પરંતુ બિમારી



ફેલાય તેવી પરિસ્થિતિ સેવાઈ રહી છે.

મોંઘવારીમાં શહેરીજનોને ફળ ફળાદિ ખાવા મોંઘા થયા છે તો બીજી તરફ આ ફળ ફળાદિ જોઈએ તેવા તાજા મળી રહ્યા નથી. સફરજન, મોસંબી, ટેટી, કેળા, કેરી વિગેરે ફળો ગરમીમાં સેકાઈ ગયેલી હાલતમાં માર્કેટમાં વેચાણ અર્થે મુકવામાં આવ્યા છે. શહેરીજનોને વધુ પૈસા ચુકવીને પણ તાજા ફળો મળી રહ્યા નથી. સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી લારીઓમાં પડી રહેલા ફળો મુરજાઈ જાય છે અને તેમ છતા આવા ફળ ફળાદિ મોંઘાદાટ ભાવમાં વેચવામાં આવી રહ્યા છે.

શહેરીજનો મોંઘવારીના કારણે દરેક ખાદ્ય ચીજવસ્તુની ખરીદી કરતા પહેલા વિચારવા પર મજબુર બની ગયા છે. ઉનાળામાં ગરમીથી રક્ષણ મેળવવા અને સ્વાસ્થ્યની કાળજી માટે ફળ ફળાદિ આરોગવા જરૂરી છે. લીલા શાકભાજી ખાવા પણ તેટલા જ અનિવાર્ય બન્યા છે પરંતુ માર્કેટમાં ફ્રેશ ફળો મળવા જોઈએ તે મળી રહ્યા નથી તેથી પૈસાનું પાણી થાય તેવા દિવસો આવ્યા છે. ફળોના જ્યુસ પણ ફિક્કા બન્યા છે. મોંઘવારીના કારણે માર્કેટમાં ગ્રાહકોની મંદી જોવા મળી રહી છે.

તડકામાં તપેલા અને બફાઈ ગયેલા ફળ ફળાદિ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. તેથી ફળ ફળાદિની ખરીદી પહેલા શહેરીજનોએ યોગ્ય રીતે ચકાસણી કરી લેવી અનિવાર્ય છે.

**ફળોના ભાવ પ્રતિ કિલો**

| | |
|---|---|
| મોસંબી | ૧૦૦ |
| દ્રાક્ષ | ૧૦૦ |
| સફરજ | ૨૦૦ |
| કેળા | ૬૦ |
| દાડમ | ૧૬૦ |
| ટેટી | ૩૦ |
| કેરી | ૨૦૦ |

# શહેરમાં પીજીમાં રહેતા વિદ્યાર્થીઓનો રાફડો ફાટ્યો

## રાત્રી દરમિયાન વિદ્યાર્થિનીઓને હેરાન કરતા નબીરાઓ વધ્યા : મોડી રાત સુધી અવરજવર કરતા નબીરાઓથી સે. ૨૫માં રહેવાસીઓ કંટાળ્યા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં શૈક્ષણિક સંસ્થાઓ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયારી કરાવતા વર્ગ વધારે છે તેથી દૂર દૂરથી ગાંધીનગરમાં શિક્ષણ અર્થે વિદ્યાર્થીઓ આવતા રહે છે. જેઓ રહેવા માટે શહેરમાં પી.જી.નો સહારો લઈ રહ્યા છે. ત્યારે સેક્ટર-૨૫ માં વિદ્યાર્થીઓનો રાફડો ફાટ્યો છે. આ રહેણાંક વિસ્તારમાં રેન્ટ પર રહેતાં વિદ્યાર્થીઓની સંખ્યા વધી ગઈ છે. જેમાં વિદ્યાર્થીઓ ઉપરાંત વિદ્યાર્થિનીઓ પણ રહે છે. સેક્ટર-૨૫માં કોલેજ નજીક પડતી હોવાથી તથા મુસાફરી માટે વાહનો સહેલાઈથી મળી રહેતા હોવાથી વિદ્યાર્થીઓ આ વિસ્તાર વધારે પસંદ કરે છે. તેવામાં અહીંયા એક પછી એક પીજીની સંખ્યા વધી રહી છે. આ વિસ્તારમાં વિદ્યાર્થીઓની અવરજવર વધી રહી છે. ઉપરાંત અમુક અસામાજિક તત્વોના કારણે સ્થાનિક રહેવાસીઓ પરેશાન બની ગયા છે. રાત્રી દરમિયાન મોડી રાત સુધી મિત્ર વર્તુળમાં બેસીને ટીંગાટોળી કરીને મોટે મોટેથી વાતો કરવી, ગાળા-ગાળી કરવી, વિદ્યાર્થિનીઓની છેડતી કરવી, પાર્ટીઓ કરવી જેવી બાબતોના કારણે આસપાસના રહેવાસીઓ કંટાળી ગયા છે.

શહેરમાં મોટા ભાગની સોસાયટીઓમાં પરીવાર સહિતના નાગરિકોને રેન્ટ પર મકાન આપવામાં આવતુ હોય છે. જ્યારે અમુક વિસ્તારોમાં જ માત્ર વિદ્યાર્થીઓ, છોકરા-છોકરીઓને રહેવા માટે મકાન આપે છે. તેથી આ વિસ્તારમાં રેન્ટ પર મકાનો અને રૂમ સહેલાઈથી મળી જવાથી અહીંયા છોકરા-છોકરીઓનો રાફડો ફાટ્યો છે. મકાન માલિકો દ્વારા કોઈ પ્રકારની જવાબદારી ન લેવાથી ઘણીવાર મારામારી અને ખૂન ખરાબી જેવી કિસ્સાઓ બને છે. આ જ કારણોસર ન્યુ ગાંધીનગર વિસ્તારોમાં પરિવાર સિવાય કોઈને રેન્ટ પર મકાન મળતું જ નથી. શહેરમાં વધતા જતા અસામાજિક તત્વોથી રહેણાંક વિસ્તારોમાં પણ બોલાચાલી વધી જવા પામી છે. જાહેરમાં કે ખાણી-પીણીવાળા વિસ્તારમાં અડ્ડો જમાવીને ફરતા અસામાજિક તત્વો હવે રાત્રી દરમિયાન સેક્ટર-૨૫ વિસ્તારમાં પણ ફૂટપાથ ઉપર અડ્ડો જમાવીને બેસતા અસામાજિક તત્વો વધી રહ્યા છે.



ગાંધીનગરમાં દરેક ઋતુનું એક આગવું સૌંદર્ય હોય છે. દરેક ઋતુમાં એક અલગ જ નજારો જોવા મળે છે. હાલમાં કાળઝાળ ગરમી પડી રહી છે. પરંતુ સાથે જ પ્રિ-મોન્સુન એકટીવીટ પણ શરૂ થઈ ગઈ છે. વહેલી સવારે અને સાંજે પ્રિ મોન્સુન એકટીવીટી અનુભવાય છે. ગાંધીનગર નજીકથી પસાર થતી નર્મદા કેનાલ ઉપરનો આ નજારો અદભૂત છે. નભમાંથી જાણે કેનાલ પર ઝુકેલા વાદળો કેનાલના પાણી સાથે અદભૂત રીતે ભળી ગયા છે. આંખોને આ નજારો ઠંડક આપી રહ્યો છે.



ગ-૨ થી ગ-૩ વચ્ચેનો માર્ગ છેલ્લા ઘણા સમયથી બની રહ્યો છે. અધુરું કામ મુકીને બીજું કામ શરુ કરાતા છેલ્લા ઘણા સમયથી શરૂ થયેલું રોડનું કામ હજુ પૂર્ણ થયું નથી. ખુબ જ મંદ ગતિએ ચાલતું આ કામ પૂર્ણ ન થતા વાહનચાલકોને તકલીફ પડી રહી છે.

# કુડાસણમાં સહજાનંદ પાર્ક પાસે ઉભરાતી ગટરથી નાગરિકો ત્રાહિમામ્

## દુર્ગંધયુક્ત માહોલના કારણે રોગચાળાનો ભય : સ્થાનિક વેપારીઓએ અનેકવાર ફરિયાદો તંત્રના બ્હેરાં કાને અથડાઇને પાછી ફરી

ગાંધીનગર તા.૧૯

ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં સહજાનંદ પાર્ક સોસાયટી અને કૃષ્ણકુંજ સોસાયટી વચ્ચેના માર્ગે છેલ્લાં ઘણા સમયથી ઉભરાતી ગટરે આ વિસ્તારના નાગરિકો માટે ત્રાસજનક સ્થિતિ ઉભી કરી છે. આ સાથે અહીં સર્જાયેલા દુર્ગંધયુકત માહોલના કારણે રોગચાળો ફેલાય તેવી ભીતિ સર્જાઇ રહી છે અને ઉભરાતી ગટરના દૂષિત પાણીનો સમગ્ર રોડ પર ભરાવો થતાં અસહ્ય ગંદકી અને કાદવકિચડ સર્જાતા ત્યાંથી



વહનચાલકોને પસાર થવું પણ મુશ્કેલ બની રહ્યું છે. આ ઉભરાતી ગટર અંગે સ્થાનિક દુકાનધારકો દ્વારા તંત્રમાં અનેકવાર રજુઆતો કરી હોવા છતાં કોઈ જોવા પણ આવતું નથી. કુડાસણમાં સહજાનંદ પાર્ક સોસાયટી અને કૃષ્ણકુંજ સોસાયટી પાસે ઉભરાતી ગટર અંગે ટિકિટ નં.૪૩૫૪થી ફરિયાદ પણ નોંધાવામાં આવી છે તેમ છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. અહીં છેલ્લાં ૧૫ દિવસથી તો નર્કાગાર જેવી સ્થિતિ સર્જાઇ છે અને ગટરના ગંદા દૂષિત પાણીનો રોડ પર ભરાવો થવાથી રોડને નુકસાન થવા સાથે વાતાવરણમાં દુર્ગંધ પ્રસરી રહી છે જેના કારણે અહીંથી વહનચાલકોને કે રાહદારીઓને પણ પસાર થવું મુશ્કેલ બની રહ્યું છે ત્યારે નજીકનાં દુકાન-ઓફિસ ધરાવતા વેપારીઓ અને તેમના કર્મચારીઓ માટે તો દિવસભર કામ કરવું ત્રાસજનક બનતું જાય છે. સત્વરે આ સમસ્યાનો ઉકેલ લાવવામાં આવે તેવી રહીશો અને દુકાનધારકોમાં માંગ ઉઠવા પામી છે.

# લોકડાયરામાં કલાકારો પર નોટો ઉડાવવાની પ્રથા અયોગ્ય

## ભલે શુભ હેતુ માટે દાન એકત્ર કરાતું હોય પણ એમાં લક્ષ્મીજીનું અપમાન થાય છે : ઘણીવાર સ્ટેજ પર કે નીચે પડેલી નોટો પગમાં આવે છે : નોટો ઉડાવનારાઓને જોઇને ડાયરામાં ઉપસ્થિત મધ્યમ કે ગરીબ પ્રેક્ષકો મનોમન નિઃસાસા નાંખે છે.

ગાંધીનગર, તા.૧૯

લોક સાહિત્ય-સંગીત અને લોક ડાયરાએ આપણા લોક જીવનનું અભિન્ન અંગ છે અને તેના દ્વારા સમાજને





જોડવાનાં તેમજ સમાજમાં કુરિવાજો, વ્યસન જેવી બદીઓ વગેરે અંગે જાગૃતિ લાવવા સાથે સંસ્કાર સિંચન અને આધ્યાત્મિકતા પ્રસરાવીને સમાજને જોડવાનો શુભ સંદેશ આપવાનું આ એક સશક્ત માધ્યમ પણ છે. જોકે આપણે અત્યારના સમયમાં અનેક ડાયરા એવા જોઈએ છીએ કે જેમાં ધાર્મિક કાર્યો જેવાં કે મંદિર નિર્માણ કે ભાગવત સપ્તાહના આયોજન વગેરે અથવા સમૂહ લગ્ન કે અન્ય સમાજિક હેતુસર યોજવામાં આવતાં લોક ડાયરાઓમાં દાન ભંડોળ એકત્ર કરવાં માટે આયોજન કરાયું હોય છે જેમાં સ્ટેજ પર કલાકારોના માથે ચલણી નોટોનો વરસાદ કરવો કે સ્ટેજ તરફ નોટો ઉછાળવા જેવા દ્રશ્યો સર્જાય છે. આ પ્રકારના દ્રશ્યોથી સમાજના બહોળા વર્ગને લક્ષ્મીનું અપમાન થતું હોય તેવું અનુભવાઇ રહ્યું છે અને આ પ્રકારની પ્રથાને કારણે તે મનોમન દુઃખ અનુભવે છે પરંતુ આયોજનનો હેતું શુભ હોવાથી બોલી શકતો નથી, તો શું આ પ્રથાને બદલીને દાન એકત્ર કરવા માટે શું કોઇ એવો વિકલ્પ ના અપનાવવો જોઈએ કે જેમાં આવાં વરવાં દ્રશ્યો પણ ના સર્જાય અને દાન-ભંડોળ પણ એકત્ર થઈ શકે.

તજેતરમાં સૌરાષ્ટ્રમાં એક સ્થળે પૂર્વમંત્રી દ્વારા આયોજિત ભાગવદ સપ્તાહની પૂર્ણાહુતિ પ્રસંગે પૂર્વ રાત્રિએ યોજાયેલા ડાયરામાં રૂપિયા, ડોલર અને પાઉન્ડનો વરસાદ વરસ્યો થયો હતો. સુપ્રસિદ્ધ લોકગાયકો કિર્તીદાન ગઢવી અને માયાભાઈ આહીરના લોકડાયરામાં મોડી રાત સુધી નોટો ઉડતી રહી હતી. આ ડાયરામાં હાથમાં વિદેશી નોટો સાથે કલાકારો પણ જૂસ્સામાં આવી ગયા હતા. અને સ્ટેજ પર નોટોની ચાદર પથરાઈ ગઈ હોય તેટલો નોટોનો વરસાદ થયો હતો. આ ઉપરાંત અન્ય એક કિસ્સામાં પણ કોથળાં ભરીને રૂપિયાનો વરસાદ થયો હતો. આ કાર્યક્રમમાં દરમિયાન ચલણી નોટોનો વરસાદ એટલો થયો કે ગણવા વાળા પણ થાકી ગયા હતા. મોટા પ્રમાણમાં ચલણી નોટોનો કલાકારો ઉપર વરસાદ કરવામાં આવ્યો હતો જેમાં ૫૦૦ના દરની ઉપરાંત ૧૦૦, ૫૦, ૨૦ અને ૧૦ સહિતની તમામ ચલણી નોટોના નવાનક્કોર બંડલો જ એકીસાથે ઉડતા જોવા મળ્યા હતા. આ પ્રકારના દ્રશ્યો કેટલે અંશે વ્યાજબી છે તેવા સવાલો અનેક નાગરિકોમાં ઉઠવા પામ્યાં છે. વળી આ રીતે નોટોને ઉછાળતા અગ્રણીઓને જોઈને ડાયરામાં આવેલા મધ્યમ કે ગરીબ વર્ગના પ્રેક્ષકો પોતાને અપમાનિત થયેલાં મહેસુસ કરે છે અને નાણાંની રેલમછેલ જોઈને મનોમન નિઃસાસા પણ નાંખે છે. આ રીતે ઉડાવવામાં આવતી ચલણી નોટો જેને લક્ષ્મી સ્વરૂપ ગણવામાં આવે છે તે સ્ટેજ પર કે નીચે લોકોના પગમાં પણ આવતી હોય છે જેના કારણે પણ પ્રેક્ષકોને મનોમન દુઃખ થતું હોય છે. આ પ્રકારની પ્રથા બદલાય અને લક્ષ્મીનું સન્માન જળવાય તે રીતે દાન એકત્ર કરાય તેમજ તે માટે ડાયરાના આયોજકો અને કલાકારોએ જાતે આ બાબતે આગળ આવીને પ્રથા બદલવા પ્રયાસ કરવો જોઈએ તેવી લાગણી સમાન્ય જનમાનસમાં પ્રવર્તી રહી છે.



લોકસંગીતના કાર્યક્રમમા કલાકારો પર નાણાંનો જે જે જાહેર અભિષેક કરવામાં આવે છે એ બાબત માટે હમણાંથી ખાસ્સી ચર્ચાઓ થાય છે. આ પ્રક્રિયાના મૂળમાં જઈએ અમારા એક સિનિયર લોકસાહિત્યકાર મિત્રના કહેવાનુસાર વર્ષો અગાઉ કલાકારો વિનામૂલ્યે અથવા તો ખૂબ ઓછા પુરસ્કાર સાથે કાર્યક્રમ કરતા ત્યારે તે ખોટ પુરી કરવા ગામના મહાજન દ્વારા આવી રીતે નાણા અપાતા.જાહેરમા આ પ્રક્રિયા કરવાનો ઉદ્દેશ અન્યને પૈસા આપવાનુ શૂરાતન ચઢે એ પણ હતો.કાળક્રમે કલાકારોને સારો પુરસ્કાર મળતા પોતાને આ રીતે મળતી રકમ સારા કામ માટે આપી દેતા.એ પરંપરાનો પછી સંસ્થાઓ માટે દાન મેળવવા માટે ઉપયોગમાં લેવાવા માંડી.હવે સવાલ એ રહ્યો કે આ પ્રક્રિયા યોગ્ય કે અયોગ્ય?તેનો જવાબ એવો મળે છે કે જ્યારે આ પ્રક્રિયા શરૂ થઈ ત્યારે આયોજનની અનેક મર્યાદાઓ હતી,હવે એ રહી નથી.વળી, પ્રેક્ષકોની બે પેઢી બદલાઈ ગઈ છે ત્યારે સેવાર્થે દાનની આ પ્રવૃત્તિનુ સ્વરૂપ બદલવાનો સમય આવી ગયો છે.હવે તો આ પ્રક્રિયાથી મૂળ કાર્યક્રમને અડચણ થાય છે,કલાકારની એકાગ્રતા તૂટે છે અને શ્રોતાઓને રસભંગ થાય છે.સમય અનુસાર આમાં પણ ઉચિત પરીવર્તન આવે એ ઈચ્છનીય છે.

**- મનોજ મ.શુક્લ, મહામંત્રી, સંસ્કૃતિ સંસ્થા**



લક્ષ્મીજીને માન અને સન્માન મળવું જોઈએ જાહેરમાં ખુલ્લેઆમ નોટો ઉડાડવી કે નોટ ઉડાડ્યા પછી તેનો ફોટો કોઈપણ વ્યક્તિના પગમાં આવે તે લક્ષ્મીજીનું અપમાન છે અને જ્યારે કોઈ કલાકાર ગીત ગાતો હોય ત્યારે એજ નોટોનો હાર બનાવીને પહેરાવવામાં આવે તો સાચા અર્થમાં કલાકારની કદર કરી કહેવાય અને મા લક્ષ્મીજી નું સન માન પણ જળવાઈ રહે.

**- રાજુભાઈ શ્રીમાળી રાજ તરંગ, લોકગાયક, ગાંધીનગર**



પૈસો કમાતા પરસેવો પડી જાય છે,જાત તોડી નાખવી પડે છે. લક્ષ્મીને શુભ લક્ષ્યે સુપાત્રમાં જ દાન આપવી. એક હાથ જાણે નહી તેમ બીજા હાથે દાન આપવાનો મહિમા છે ને એમ જ હોવું જોઈએ. મારા પર દાનવીરો પૈસા ઉડાડે છે પણ અંદર ખાને મને બિલકુલ ગમતી વાત નથી, અને મારા જીવને એવું ક્યારેય નહી બને કે અણમોલ ધન હું દેખાદેખીએ ઉડાડતો ફરુ.

**- હરપાલસિંહ ઝાલા, હાસ્ય કલાકાર, ગાંધીનગર**